BRAMPTON

Media Release

Brampton Library

Brampton Transit

ત્વરિત જાહેરાત માટે

## ન્યુકમર (નવાગંતુક) બસ ટૂરથી બ્રૅમ્પટનનું અવલોકન કરો!

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (27 જુલાઈ 2022) – જે રહેવાસીઓ બ્રૅમ્પટનમાં 01 જાન્યુઆરી 2019 પછી રહેવા આવ્યા હોય તેઓ ન્યુકમર બસ ટૂર મફ્ત લેવા પાત્ર ઠરે છે જે બ્રૅમ્પટન લાઈબ્રેરી અને બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટના સહયોગથી આપવામાં આવશે.

ટૂર 16મી ઓગસ્ટ અને 18મી ઓગસ્ટના રોજ સવારે 10 વાગ્યાથી બપોરે 1 વાગ્યા સુધી હાથ ધરાશે. ઓનલાઈન bramptonlibrary.ca પર અથવા 905.793.4636 પર ફોન કરીને રહેવાસીઓ નોંધાવી શકશે.

ટૂરના મુખ્ય સ્થળોમાં સમાવેશ થાય છે બ્રૅમ્પટન સિટી હૉલ, ઉદ્યાનો, હોસ્પિટલો, કમ્યુનિટી સેંટરો, બસ અને ટ્રેઈનના સ્ટેશનો તેમજ પુસ્તકાલયની શાખાઓ. બ્રૅમ્પટનને જાણો અને ગમ્મતમાં ભાગ લો!

મહામારીને કારણે બે વર્ષના વિરામ બાદ આ પુરસ્કાર વિજેતા ટૂર ફરી શરૂ થઈ રહી છે જેને પબ્લિક લાઈબ્રેરી સર્વિસમાં ઉત્કૃષ્ટતા માટે એન્ગસ મોવાટ (Angus Mowat) એવોર્ડ એનાયત થયો હતો, અને દ કેનેડિયન અર્બન ટ્રાન્ઝિટ અસોસિએશન (CUTA) દ્વારા પબ્લિક લાઈબ્રેરી અસોસિએશન અપસ્ટાર્ટ ઈનોવેશન એવોર્ડ આપવામાં આવ્યો હતો.

**સુવાક્યો**

"આપણી કમ્યુનિટીમાં 2019થી જે લોકો રહેવા આવ્યા છે એવા રહેવાસીઓ માટે ન્યુકમર એટલેકે નવાગંતુક બસ ટૂરનું આયોજન ફરીથી બ્રૅમ્પટન લાઈબ્રેરીના સહયોગથી કરતી વખતે સિટી ઓફ બ્રૅમ્પટન રોમાંચિત છે. બ્રૅમ્પટન પચરંગી શહેર છે અને આપણું શહેર વૈવિધ્યસભર, બહુસાંસ્કૃતિક, યુવા અને ઝડપથી વધ્તી વસ્તીને આશ્રય આપી રહ્યું છે. આ ટૂર નવા આવેલા બ્રૅમ્પટનવાસીઓ માટે એક સરસ અવસર છે જેથી તેમનો પરિચય નગરપાલિકા દ્વારા આપવામાં આવતી સુવિધાઓ સાથે થાય જે તેમના જીવનની ગુણવત્તામાં સુધારો લાવવા માટે છે.

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઑફ બ્રૅમ્પટન*

"અમે અમારા પ્રવાસીઓ માટે આવકાર્ય, સમાવેશી વાતાવરણ આપતા ખૂબ ગર્વ અનુભવીએ છીએ. આ ટૂરથી નવાગંતુકોને અમારા મૈત્રીપૂર્ણ કર્મચારીઓને મળવાનો અવસર મળશે, જેમને તેઓ પ્રશ્નો પૂછી શકશે અને અમારી વિસ્તૃત સાર્વજનિક ટ્રાન્ઝિટ નેટવર્કના લાભ અને સુવિધાઓ માણી શકશે."

*- એલેક્સ મિલોજેવિક, જનરલ મેનેજર, બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ*

"આ બસની ટૂર ફરી શરૂ થઈ રહી છે તેનાથી અમે બધા ખૂબ રોમાંચિત છીએ જે આપણા સૌથી નવા આવેલા રહેવાસીઓને બ્રૅમ્પટન જે પણ સેવાઓ પ્રદાન કરે છે અને તેમને આવકારભર્યો પરિચય આપે છે. આ એક વધુ એવી રીત છે જેનાથી બ્રૅમ્પટન લાઈબ્રેરી ઓળખાણોને પ્રેરિત કરે છે!"

*- ટૉડ કાઈલ, ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, બ્રૅમ્પટન લાઈબ્રેરી*

-30-

**સિટી ઓફ બ્રૅમ્પટન વિષયક**

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**બ્રૅમ્પટન લાઈબ્રેરી વિષયક**

ઉછીની સામગ્રી લેવા માટે, તમારા બ્રૅમ્પટન લાઈબ્રેરી કાર્ડ નંબર અને પિનનો ઉપયોગ કરીને ઓનલાઈન આરક્ષિત કરી શકો છો. ઈબૂક અને ઈલર્નિંગ સહિત અમારા ઓનલાઈન કલેક્શનના નિઃશુલ્ક એક્સેસ માટે, વધુ જાણકારી લો. અમારી આઠ શાખાઓ અંગેની સંપૂર્ણ વિગતો માટે ચાલુ રહેવાના કલાકો જુઓ. ઈવેન્ટ કેલેન્ડર અને મારા ઈમેલ અપડેટને સબ્સક્રાઈબકરીને તમામ વય અને રુચિઓ માટે વ્યક્તિગત અને વર્ચુઅલ પ્રોગ્રામ્સ માટે નોંધણી કરો. Facebook, Twitter, Instagram, YouTube, અનેLinkedInપર અમને ફોલો કરો, અને બ્રૅમ્પટન લાઈબ્રેરી મોબાઈલ 'એપ iOS અને Google Play પરથી જરૂર ડાઉનલોડ કરી લેશો. Learn more about our app. Visit our website to live chat with our staff or Ask A Question. Register to attend our Computer Basics skill building program by calling 905-793-4636 or speak with staff at a customer service desk at any branch. See our Family Storytime schedule to help your little one get ready to read!

**બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ વિષયક**

બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ કૅનેડાની સૌથી ઝડપથી વિકસી રહેલ ટ્રાન્ઝિટ સિસ્ટમો પૈકી છે. બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ સુવિધાજનક અને સુગમ છે જે 65 કરતા વધુ રૂટ પર કર્યરત છે અને શહેરને પાડોશની ગરપાલિકાઓ સાથે જોડે છે. મુસાફરો તેમની સફરનું આગોતરું આયોજન ટ્રિપલિંક્સ (Triplinx) પર કરી શકે છે, e-newsletter માટે સાઈન અપ કરી શકે છે અથવા બ્રૅમ્પટન ટ્રાન્ઝિટને Twitter, Instagram અને Facebook પર ફોલો કરી શકે છે. વધુ જાણકારી માટે bramptontransit.comની મુલાકાત લો.

મિડિયા સંપર્ક (MEDIA CONTACT):
સીટી ઓફ્ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca

બ્રૅમ્પટનનું લાઈબ્રેરી

jdickenson@bramptonlibrary.ca